



# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૫ | ૭ જાન્યુઆરી, ૨૦૧૫, બુધવાર ; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે દેશના સૌથી મોટા પ્રદર્શનનો પ્રારંભ




## ગાંધીનગર ખાતે પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટના પગલે વાયબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શો યોજાશે : ૧,૨૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં ૧૭ હાઉસીંગ ડોમમાં ૧૩૦૦ સ્ટોલમાં વૈવિધ્યસભર ઉત્પાદનો પ્રદર્શિત કરાશે

ગાંધીનગર, તા.૬

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ ૨૦૧૫નો આવતીકાલથી પ્રારંભ થનાર છે. આ ટ્રેડ શૉ અંદાજે ૧,૨૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં પથરાયેલ છે. ૧૭ હાઉસિંગ ડોમમાં ૧૩૦૦થી વધારે સ્ટોલ લગાવવામાં આવશે.

આ અંગેની વિગતો પત્રકારોને આપતાં રાજયના ઉદ્યોગમંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રવાસી ભારતીય કાર્ય મંત્રાલય દ્વારા ૧૩માં પ્રવાસી ભારતીય દિવસનું ગુજરાતમાં ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે ૭-૮-૯ જાન્યુઆરી દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે યોજાઈ રહેલા પ્રવાસી ભારતીય દિવસમાં ગુજરાત ભાગીદાર રાજય છે.

પ્રવાસી ભારતીય દિવસ પ્રદર્શનનું ઉદઘાટન ૭ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ કરવામાં આવશે ડોમ-૧ અને ૧ એ પ્રવાસી ભારતીય દિવસ

● અનુસંધાન પાન-૭ પર














## ચ-માર્ગ સંપૂર્ણ ખુલ્લો રહેશે અન્ય માર્ગો સ્થાનિક રહીશો માટે ખુલ્લા રહેશે

### ગ-૩થી ગ-૫, ઘ-૩થી ઘ-૫, ખ-૦થી ખ-૫ અને જ-માર્ગ ખાનગી વાહનો માટે સંપૂર્ણ બંધ રહેશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના આંગણે આગામી તા. ૭ થી ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન -વાસી ભારતીય દિવસ-૨૦૧૫ અને તા. ૧૧ થી ૧૩મી જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન સાતમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ- ૨૦૧૫ મહાત્મા મંદિર સેકટર-૧૩, ગાંધીનગર ખાતે યોજાનાર છે.

આ બન્ને કાર્યક્રમો દરમ્યાન ગાંધીનગરમાં ભારતા માન. રાષ્ટ્રપતિશ્રી, માન. વડાપ્રધાનશ્રી, વિવિધ રાજયનો મુખ્યમંત્રીશ્રીઓ, દેશ-વિદેશના રાજકીય મહાનુભાવો, કેન્દ્ર તથા રાજયના મંત્રીઓ, ઉદ્યોગપતિઓ અને સરકારી પદાધિકારીશ્રીઓ તથા એન.આર.આઇ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસથિત રહેનાર છે. તેમજ ભારતના માન. વડાપ્રધાનશ્રી રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરવાના છે. જેથી રાજભવનને અડીને આવેલ જ-રોડ ઉપરથી સ્થાનિક રહીશોના વાહનો, પ્રવાસી ભારતીય દિવસ અને ગુજરાત વાયબ્રન્ટ સમીટના આમંત્રિતોના વાહનો, સરકારી વાહનો અને ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીઓના ખાનગી વાહનો સિવાયના તમામ ખાનગી વાહનોની અવર-જવર ઉપર તા. ૦૭ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન જિલ્લા કલેકટરશ્રીએ જાહેરનામુ બહાર પાડીને પ્રતિબંધ ફરમાવ્યો છે.

તે ઉપરાંત તા. ૦૭ થી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધી ખ-૦ થી ખ-૫ સુધીનો અને ગ-૩ થી ગ-૫ સુધીનો માર્ગ પણ સ્થાનિક રહીશોના વાહનો, પ્રવાસી ભારતીય દિવસ અને ગુજરાત વાયબ્રન્ટ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની નવી મતદાર યાદી પ્રસિધ્ધ

### ૧૪૧૪૨ નવા મતદારો સાથે નોંધાયેલા મતદારો ૧૦,૮૮,૨૫૬ થયા : ૭૭૯૫ પુરૂષ અને ૬૩૪૫ સ્ત્રી મતદારો નવા નોંધાયા

ગાંધીનગર, તા.૬

લોકસભાની સામાન્ય ચૂંટણી બાદ ગાંધીનગર જિલ્લામાં નવા ૧૪,૧૪૨ મતદારો નોંધાયા છે. જેમાં ૭,૭૯૫ પુરુષ તથા ૬૩૪૫ સ્ત્રી મતદારો અને બે અન્ય જાતિના મતદારો નોંધાયા છે.

મતદાર યાદીની થયેલી પ્રસિધ્ધિ મુજબ જિલ્લામાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર (દ) બેઠક પર નોંધાયા છે. જયારે સૌથી ઓછા નવા મતદારો માણસા બેઠક પર નોંધાયા છે.

જિલ્લાની ૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પ્રસિધ્ધ કરાયેલ મતદાર યાદી મુજબ નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા ૧૦,૮૮,૨૫૬ થઈ છે. જેમાં પુરુષ મતદારોની સંખ્યા ૫,૬૩,૬૫૯ અને સ્ત્રી મતદારોની સંખ્યા ૫,૨૪,૫૮૧ છે જયારે ૧૬ અન્ય જાતિના મતદારો છે.

નવા મતદારોની નોંધણીમાં પુરુષ અને મહિલા મતદારોએ દાખવેલી જાગૃતિને કારણે યુવા મતદારોની સંખ્યામાં સારો એવો વધારો થવા પામ્યો છે. જો કે ૧૮ થી ૫૦ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા કુલ મતદારોના ૫૦ ટકા કરતાં પણ વધુ થવા જાયછે.

ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશને અંતે મતદારો અને વિસ્તારની દષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ)ની બેઠકનો બને છે જયાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૭૦,૮૫૩ થઈ છે.

ગાંધીનગર (ઉ)માં મતદારોની સંખ્યા ૨,૧૯,૨૭૬ થઈ છે. માણસામાં મતદારોની સંખ્યા ૨,૦૩,૩૬૫ થઈ છે. જયારે કલોલમાં ૨,૦૮,૧૮૧ અને દહેગામમાં ૧,૮૬,૫૮૧ મતદારો થવા પામ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા સૌથી ઓછી વૃધ્ધિ માણસામાં થઈ છે જયાં ૧૮૭૫ નવા મતદારો નોંધાયા છે. ગાંધીનગર (દ)માં ૪૦૬૨ કલોલમાં ૩૨૨૨, દહેગામમાં ૨૭૦૧, ગાંધીનગર (ઉ)માં ૨૨૮૨ મતદારો નવા નોંધાયા છે.

## ગાંધીનગરમાં પુનઃ ઠંડીનું મોજુ

### એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો થતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા

ગાંધીનગર, તા.૬

ઠંડીનું મોજું પુનઃ ફરી વળ્યું છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. સુધી પહોંચી જતા વસાહતીઓ ઠંઠીમાં ઠુંઠવાયા હતા. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણેક ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં સતત વધઘટ ચાલુ રહી છે.ગયા અઠવાડીયે વાદળછાયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાન ઉંચકાયું હતું અનેએક તબક્કે ૧૭ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ત્યારબાદ વાદળોનો જમાવડો ઓછો થતાં ક્રમશઃ ઠંડીમાં વધારો થવા માંડયો છે. એક દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું તે પછી ગઈ કાલે લઘુત્તમ તાપમાનમાં એકા એક જ ત્રણેક ડિગ્રી જેટલો ઘટાડો થતા ગાંધીનગરાઓ ઠંડીમાં ધ્રુજી ઉઠયા હતા. વસાહતીઓને એકથી વધુ ગરમ વસ્ત્રો પહેરવાની ઓઢવાની ફરજ પડી હતી. ઠંડીના કારણે વસાહતીઓ ઘરમાં વહેલા પુરાઈ ગયા હતા. પ્રવાસી ભારતીય દિવસ અને વાબ્રન્ટ સમીટની તૈયારીમાં દિવસ રાત જોતરાયેલા મજુર અને કારીગર વર્ગ આકરી ઠંડીમાં સૌથી વધુ હેરાન થયો હતો. પોલીસ બંદોબસ્તમાં રોકાયેલા પોલીસ કર્મચારીઓ ઠંડીથી બચવા માટે રાત્રે તાપણું કરતા નજરે ચઢતા હતા. ઠંડીનું મોજુ પુનઃ અનુભવાતા શાળાએ જતાં બાળકો પણ આકરી ઠંડીમાં એકદમ ઠુંઠવાઈ ગયા હતા. વેસ્ટર્ન ડીર્સ્ટબન્સની અસર ઓછી થતા આગામી દિવસોમાં વધુ આકરી ઠંડી અનુભવાશે તેવી આગાહી છે.

## આજથી સેન્ટ્રલ વીસ્ટામાં સેનાની દરેક પાંખ સંગીતની સુરાવલી રેલાવશે

ગાંધીનગર, તા.૬

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના અનુસંધાને ગાંધીનગરમાં આર્મી, એરફોર્સ, નૌ સેના અને બી.એસ.એફ.નું બેન્ડ દરરોજ સાંજે સંગીતની સૂરાવલી રેલાવશે. બેન્ક ઓફ બરોડા - ઉદ્યોગ ભવનની સામેના સેન્ટ્રલ વીસ્ટા પરિસરમાં જાહેર જનતાના લાભાર્થે આ અદ્‌ભૂત બેન્ડ પરફોર્મન્સ આપશે.

આર્મી, એરફોર્સ, નૌ સેના અને બી.એસ.એફ.ના નોડલ ઓફિસર ઈન્ડેક્ષ્ટ-બીના શ્રી ગૌરવ દૈયા અને ગાંધીનગર કલેકટર શ્રી રવિ શંકરે જણાવ્યું હતું કે, તારીખઃ ૭-૮ અને ૯ જાન્યુઆરી તથા તારીખઃ ૧૧-૧૨ અને ૧૩ જાન્યુઆરી દરમિયાન દરરોજ સાંજે ૫-૦૦ વાગ્યાથી ૭-૦૦ વાગ્યા દરમિયાન આ અદ્‌ભૂત બેન્ડ સંગીતની સૂરાવલીઓ રેલાવશે. નાગરિકો અને મુલાકાતીઓને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બેસણું



અમારાભાઈ પ્રકાશ નારનભાઈ પટેલના ધર્મપત્ની **પિન્કીબેન પ્રકાશકુમાર પટેલનું** તા. ૩૧/૧૨/૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૮/૧/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાનઃ પ્લોટ નં. ૨૯૮, પાન્ડવ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૯, ગાંધીનગર. મો. :૯૮૨૫૦૧૧૨૯૮

લિ.

| | |
|---|---|
| બ્રિજેશકુમાર નટવરલાલ પટેલ | નારનભાઈ હરિભાઈ પટેલ |
| હસમુખભાઈ નટવરલાલ પટેલ | નટવરલાલ હરિભાઈ પટેલ |
| વિશાલ કનુભાઈ પટેલ (કેનેડા) | કનુભાઈ હરિભાઈ પટેલ (કેનેડા) |
| સૌરભ કનુભાઈ પટેલ (કેનેડા) | તથા સમસ્ત વિશાલ પરિવાર |

## ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ બેસણું



અમારા પિતાશ્રી **સ્વ. સુરેશચંદ્ર પુરુષોત્તમ વ્યાસ** તા. ૪-૧-૨૦૧૫ને રવિવારે અક્ષરધામ નિવાસી થયા છે. **તેઓની પ્રાર્થનાસભા તા. ૮/૧/૨૦૧૫ને ગુરૂવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ કલાક દરમિયાન અમારા નિવાસસ્થાન સેક્ટર નં.૨૯, પ્લોટ નં. ૭૩૯/૧, ગાંધીનગર ખાતે** રાખેલ છે. મો. ૯૯૦૪૧ ૬૩૩૫૫

લિ. વિશાલ સુરેશચંદ્ર વ્યાસ (પુત્ર)
ઉર્વશી કમલકુમાર ભટ્ટ (પુત્રી)
યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ - ભત્રીજા (લાડલી)

- વડીલ બંધુઓ -

જગજીવન પુરુષોત્તમ વ્યાસ, લાભશંકર પુરુષોત્તમ વ્યાસ (નિવૃત્ત આર્કીટેક્ટ), રમણીકભાઈ પુરુષોત્તમ વ્યાસ (નિવૃત્ત નાયબ સચિવ)

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી

**પોપટસિંહ ભાવસિંહ વાઘેલા**

**(નિવૃત્ત નાયબ સચિવ)** તા. ૩-૧-૨૦૧૫, શનિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.**

| તા. ૮/૧/૨૦૧૫ | તા. ૯/૧/૨૦૧૫ |
|---|---|
| સ્થળ : ઉખલોડ, તા. વિરમગામ જીલ્લો : અમદાવાદ સમય : સવારે ૯ થી સાંજના ૫ | સ્થળ : પ્લોટ નં. ૬૧૧/૨ પાસેનો કોમન પ્લોટ, સેક્ટર-૬/બી, ગાંધીનગર. સમય : સાંજના ૪ થી ૭ |
| મહેન્દ્રસિંહ પોપટસિંહ વાઘેલા (પુત્ર) (એડવોકેટ, ગાંધીનગર) | છત્રસિંહ ભાવસિંહ વાઘેલા (ભાઈ) |
| પ્રતાપસિંહજી મુળુભા જાડેજા (જમાઈસા) | બળવંતસિંહ ભાવસિંહ વાઘેલા (ભાઈ) (પ્રમુખ, વિરમગામ તાલુકા પંચાયત) |
| જ્યોત્સનાબા પ્રતાપસિંહ જાડેજા (પુત્રી) | રાજેન્દ્રસિંહ ભાવસિંહ વાઘેલા (ભાઈ) |
| કિરીટસિંહ પોપટસિંહ વાઘેલા (પુત્ર) | દિનુભા ભાવસિંહ વાઘેલા (ભાઈ) |
| ઈન્દ્રજીસિંહ બળવંતસિંહ વાઘેલા (ભત્રીજા) | પ્રભાતસિંહ ઉદેસિંહ વાઘેલા (ભાઈ) |
| સંજયસિંહ બળવંતસિંહ વાઘેલા (ભત્રીજા) | ધ્રુવરાજસિંહ દિનુભા વાઘેલા (ભત્રીજા) |
| દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલા (ભત્રીજા) | જામભા જીલુભા વાઘેલા (ભત્રીજા) |
| યુવરાજસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા (પૌત્ર) | હરિસિંહ ચંદનસિંહ વાઘેલા (ભત્રીજા) |

વૈદિકાબા પ્રતાપસિંહ જાડેજા (પૌત્રી)


